| | | | |
|---|---|---|---|
| **રજુ કર્યા તારીખ :** | ૨૯/૦૧/૨૦૨૦ | | |
| **દાખલ તારીખ :** | ૨૯/૦૧/૨૦૨૦ | | |
| **ફેંસલ તારીખ :** | ૦૬/૦૮/૨૦૨૬ | | |
| **સમય મર્યાદા :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૬** | **૦૬** | **૦૮** |

## ખંભાતના મહે. એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની અદાલતમાં

**સેશન્સ કેસ નં. ૨૮/૨૦૨૦**
**આંક : ૧૩૫**

**ફરીયાદી:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિ રૂ ધ્ધ.....**

**આરોપીઓ:– ૧.** જશવંતભાઈ ઉર્ફે જમ્બો કાનજીભાઈ ખારવા,
**૨.** દર્શનભાઈ જશવંતભાઈ ખારવા,
**૩.** મીનાબેન ઉર્ફે મીનાક્ષી જશવંતભાઈ ખારવા,
તમામ રહે. ખંભાત, માછીપુરા કૃષ્ણનગર સોસાયટી,
તા. ખંભાત, જી. આણંદ.

**ગુન્હો :–** **ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ...**

------------------------------
ફરિયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી જે.એસ.ગઢવી.
આરોપીપક્ષે વિ. વકીલશ્રી જે.કે.પરમાર
------------------------------

# -:: ચુકાદો ::-

**(૧)** આ કામના આરોપીઓ વિરુધ્ધ ખંભાત સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરિયાદ આધારે, **ગુ.ર.નં. ૩૧૩૯/૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪** વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સેશન્સ કેસ ઉપસ્થિત થયેલો છે.

## ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત :

**(૨)** આ કામના આરોપીઓએ તા.૩૧/૦૮/૨૦૧૭ ના કલાક ૧૦:૦૦ વાગે ખંભાત માછીપુરા કૃષ્ણનગર સોસાયટીમા તેઓના મકાન સામે આવલ કોમન પ્લોટમા કરેલ કાચી વાડ ખસેડવા બાબતે ઝઘડો કરી ફરીયાદી તથા સાહેદને ગાળો ભાંડી ગડદાપાટુનો માર મારી આરોપી નં.૦૧ એ ફરીયાદીને પગના ભાગ દાંતી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ વિગેરે મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

## પોલીસ તપાસ અને કમીટલ કાર્યવાહી :

**(૩)** ઉપરોકત ફરીયાદના આધારે આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, જરૂરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહી અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા તેઓશ્રીએ ખંભાતના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં

ચાર્જશીટ રજૂ કરેલ. પરંતુ આરોપીઓ **૧.** જશવંતભાઈ ઉર્ફે જમ્બો કાનજીભાઈ ખારવા, **૨.** દર્શનભાઈ જશવંતભાઈ ખારવા,**૩.** મીનાબેન ઉર્ફે મીનાક્ષી જશવંતભાઈ ખારવા, તમામ રહે. ખંભાત, માછીપુરા કૃષ્ણનગર સોસાયટી, તા. ખંભાત, જી. આણંદ. સામે આક્ષેપીત ગુન્હાઓ સેશન્સ ટ્રાયેબલ હોય જેથી તેઓ ધ્વારા કેસ કમીટ કરી સેશન્સ અદાલત ખંભાતને મોકલી આપેલ હતો અને તેને સેશન્સ કેસ નં. ૨૮/૨૦૨૦ આપવામાં આવેલ હતો. ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેથી અદાલતમાં સદર કેસ ટ્રાન્સફર થઈ આવેલ.

(૪) ત્યારબાદ આરોપીઓને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને મારા પુરોગામી અધિકારીશ્રી ધ્વારા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, **આંક–૦૪** થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીઓએ પોતાના **આંક–૦૫ થી આંક–૦૭** સુધીના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકિલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતું અને તેથી ત્યારબાદ આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૫) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | કિશનભાઈ દિનેશભાઈ ખારવા | પંચ સાહેદ | ૧૬ |
| ૨. | રવીભાઈ ભગવાનભાઈ ખારવા | પંચ સાહેદ | ૧૮ |
| ૩. | ઉસ્માનખાન બિસ્મીલ્લાખાન પઠાણ | પંચ સાહેદ | ૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૪. | સતીષભાઈ અરવિંદભાઈ ખારવા | ફરીયાદી | ૨૫ |
| ૫. | રવીભાઈ અરવિંદભાઈ ખારવા | સાહેદ | ૩૦ |
| ૬. | જયોતીકાબેન મનિષભાઈ ખારવા | સાહેદ | ૩૧ |
| ૭. | દીપકભાઈ અરવિંદભાઈ ખારવા | સાહેદ | ૩૫ |
| ૮. | બસીરખાન ભુલેખાન પઠાણ | એ.એસ.આઈ. ખં.પો.સ્ટે. | ૩૭ |

**<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૭ |
| ૨. | હથીયાર કબ્જે કર્યા નુ પંચનામુ | ૨૦ |
| ૩. | ફરીયાદ | ૨૬ |
| ૪. | ઈજાપામનારની સારવાર માટે કરેલ યાદી | ૩૮ |
| ૫. | પી.એસ.ઓ એ ગુનાની તપાસ કરવા કરેલ હુકમ | ૩૯ |
| ૬. | સુચીપત્ર | ૪૦ |

**(૬)** ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં તેઓએ જણાવેલ છે કે,'' અમારી ફરીયાદ થી બચવા માટે આ કહેવાતી ફરીયાદ ફરીયાદીએ કરેલી છે. અમો તહોમતદાર નિદોર્ષ છીએ.''

**(૭)** આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. જીલ્લા સરકારી વકિલ શ્રી જે.એસ.ગઢવી હાજર થઈ તેઓની મૌખિક દલીલમા એવુ જણાવે છે કે,સદર કામે આંક–૨૫ થી સતીષભાઈ અરવિંદભાઈ ખારવા કે જેઓ ફરીયાદી છે અને આં

ક–૨૬ થી ફરીયાદ ને સમર્થન આપે છે અને તેઓને ધારીયાની ચાંચ પગમા વાગેલ અને આરોપીઓ તથા મુદામાલને ઓળખી બતાવેલ છે.આંક–૩૦ થી રવીભાઈ અરવિંદભાઈ ખારવા કે જેઓ બનાવના નજરે જોનાર સાહેદ છે અને ઈજાપામનાર પણ છે. ફરીયાદીની હકીકતને સમર્થન કરેલ છે. તેમજ આંક–૩૧ થી જયોતીકાબેન મનીષભાઈ ખારવા અંશત: સમર્થન કરેલ છે. આંક–૩૫ થી દિપકભાઈ અરવિંદભાઈ ખારવા કે જેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે અને બનાવની હકીકતને અંશત: સમર્થન આપે છે. તેમજ આંક–૩૭ થી બસીરખાન ભુલેખાન પઠાણ કે જેઓ તપાસ કરનાર અમલદાર છે અને ફરીયાદ તેઓ લીધેલી તેમજ પ્રાથમીક તપાસ તેઓએ કરેલ અને ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે. તેમજ આંક–૧૬ થી કિશનભાઈ દિનેશભાઈ ખારવા, આંક–૧૮ થી રવીભાઈ ભગવાનભાઈ ખારવા કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ છે તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે.તેમજ આંક–૧૯ થી ઉસ્માનખાન બિસ્મીલ્લાખાન પઠાણકે જેઓ હથીયાર કબ્જે કરેલ પંચનામાના પંચ સાહેદ છે તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે. આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુન્હો પુરવાર કરવામા સફળ થયેલ હોય, આરોપીઓને ગુનેગાર ઠરાવવા વિનંતી છે.

(૮) આરોપીપક્ષના વિ.વકીલશ્રી જે.કે.પરમાર ની મૌખિક દલીલ સદર કામે સાભળવામા આવેલ છે અને તેઓ તેમની મૌખિક દલીલમા ભારપુર્વક એવુ જણાવે છે કે ફરીયાદપક્ષ તેમનો આક્ષેપિત ફરીયાદ પુરવાર કરવામા સદંતર નિષ્ફળ ગયેલ છે.ફકત દબાણ લાવવા હાલની આ ક્રોસ કંપ્લેન કરેલછે. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરે છે.

(૯) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફની દલીલો તેમજ રજૂ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૦૮/૨૦૧૭ ના કલાક ૧૦:૦૦ વાગે ખંભાત માછીપુરા કૃષ્ણનગર સોસાયટીમા તેઓના મકાન સામે આવલ કોમન પ્લોટમા કરેલ કાચી વાડ ખસેડવા બાબતે ઝઘડો કરી ફરીયાદી તથા સાહેદને ગાળો ભાંડી ગડદાપાટુનો માર મારી આરોપી નં.૦૧ એ ફરીયાદીને પગના ભાગ દાંતી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ વિગેરે મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો છે ?

**૨.** શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧). નકારમાં,

૨). આખરી હુકમ મુજબ.

(૧૧) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**મુદા નં. ૧ અને ૨ :-**

**(૧૨)** મુદા નં. ૧ તથા ૨ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ટાળવા બંને મુદાઓનું એકસાથે મુલ્યાંકન અને વિશ્લેષણ આ નીચે મુજબ કરવામાં આવે છે.

**(૧૩)** આ કામે ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામે આક્ષેપાયેલા ઈ.પી.કોડ ની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ વિગેરે મુજબના ગુન્હા પુરવાર કરવા ઉપરોકત વિગતે દર્શાવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલો છે. જેનું મુલ્યાંકન અને વિશ્લેષણ નીચે મુજબ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ તરફથી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા ફરીયાદ પક્ષ તરફથી જે તેમનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદો તપાસેલા છે તે નીચે મુજબના છે અને તેઓની જુબાની નીચે મુજબ છે.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો કે જે **ફરીયાદપક્ષને સમર્થન કરે** છે. તે નીચે મુજબ છે.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે **આંક-૨૫ થી ફરીયાદી સતીષભાઇ અરવિંદભાઇ ખારવા** ને તપાસવામા આવેલ છે. ફરીયાદી તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે'' બનાવ તા.૩૧-૦૮-૨૦૧૭નાં રોજ બનેલો. હું મજુરી કામે ગયેલો દશેક વાગ્યાના સુમારે મારાભાઈ રવનો મને ફોન આવેલો કે ઘરે ઝઘડો થયો જેથી ઘરે આવો જેથી હું ઘરે આવેલો અને જોયેલ તો જશવંત ઉર્ફે જમ્બો કાનજીભાઈ ખારવા તથા દર્શનભાઈ મારાભાઈ રવિને ગાળો બોલતા હતા અને મારવાની વાત કરતા હતાં જશવંતભાઈ જે તે વખતે વાડ સાફ કરતા હતા અને તેઓના હાથમાં ધારીયુ હતુ તે મારાભાઈ રવિને મારવા જતા હું બચાવવા ગયેલો અને તે ધારીયુ (દાંતી)ની ચાંચ મને ડાબા પગમાં વાગી ગયેલી અને ધકકામુકકી થયેલી તેથી દર્શનભાઈ ત્યાં પડી ગયેલા અને ત્યાં વાડમાં સાઈડમા

સંડાસનુ જુનુ ટબ પડેલુ તે તેને વાગેલુ અને તે વખતે અમારા બીજા ભાઈ દિપકભાઈ આવી ગયેલા અને દર્શનભાઈ નીચે પડેલા અને તેમને વાગેલ હોય તેવુ મને લાગેલ જેથી તેમને દવાખાને લઈ ગયેલા. જશવંતભાઈ અને દર્શનભાઈ મારાભાઈ રવિની સાથે દાદાગીરી કરતા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપતા હતાં. ત્યારબાદ હું ફરિયાદ કરવા ગયેલો.''

(૧૬) આ કામે ફરીયાદપક્ષે **આંક–૩૦ થી સાહેદ રવિભાઈ અરવિંદભાઈ ખારવા** ને તપાસવામા આવેલ છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે'' તા.૩૧–૦૮–૨૦૧૭નાં રોજ સવારના નવ થી દશની વચ્ચે હું અમારા ઘરના વાડામાં ભગવાનને ચઢાવવાની તુલસી તોડવા ગયેલો ત્યારે જશવંતભાઈ કાનજીભાઈ દાંતી લઈને અમારા ઘરની સામે આવેલ સોસાયટીના કોમન પ્લોટની વાડ ખસેડતા હતાં જેથી મેં તેઓને પૂછેલ કે આ વાડ શા માટે ખસેડો છો ત્યારે તે ભાઈ ગંદી ગંદી ગાળો બોલવ લાગેલા અને તેમના હાથની દાંતી બતાવીને મને જણાવેલ કે તુ ઘરમાં જતો રહે નહી તો તારુ ડોકુ કાપી નાંખીશ જેથી તેઓએ અગાઉ પણ દાંતી અને ચપ્પા વડે મારેલ હોય હું ચુપચાપ મારા ઘરમાં જતો હતો છતા પણ જશવંતભાઈ તથા મીનાબેન તથા દર્શનભાઈ ત્રણેયે આવીને મને ગડદાપાટુનો માર મારેલો અને તેઓના વાડામાં બાવળના લાકડાં હતા તેનાથી માર મારેલો. ત્યારબાદ મેં મારાભાઈને ફોન કરીને બોલાવેલો જેથી મારો ભાઈ સતિષ આવતા આવતાં ઝપાઝપી થયેલી અને ધકકામુકકી થયેલી જેમા મારાભાઈ સતિષને ધારીયુ મારવા ગયેલ પરંતુ તેણે બચાવ કરતા તેને પગમાં વાગેલુ અને ધકકામુકકીમાં દર્શનભાઈ પડી ગયેલ અને જેથી તેઓને સંડાસનુ ટબ માથામાં વાગેલુ, તેમજ આ બનાવમાં મને તથા સતિષભાઈને ગડદાપાટુનો માર મારેલો''

(૧૭) આ કામે ફરીયાદપક્ષે **આંક–૩૭ થી તપાસ કરનાર અમલદાર બસીરખાન ભુલેખાન પઠાણ** ને તપાસવામા આવેલ છે. સાહેદ તેમની

મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે'' હુ ખંભાત સીટી પો.સ્ટે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ખંભાત રુરલ પો.સ્ટે. સે. ગુ.ર.નં. ૩૧૩૯/૧૭ ની તપાસ મારા તરફ આવતા તે તપાસ મે સંભાળી લીધેલી અને તપાસના કામે લાગતાવળગતા સાહેદોના નિવેદનો લેવામા આવેલા અને આરોપી જશવંતભાઇ નાઓએ દાંતી રજુ કરતા તપાસના કામે પંચનામાની વિગતે કબજે લીધેલ,સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓ સામે ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ. તેમજ મારી તપાસ દરમ્યાન જયોતીકાબેન વા/ઓ મનીષભાઇ જગદિશભાઇ ખારવાનુ નિવેદન લીધેલુ અને તેઓના નિવેદન લખાવ્યા પ્રમાણે કોઈપણ પ્રકારના વધારા-ઘટાડા સિવાય લખી લીધેલા જે સામેલ રાખેલ છે.''

**(૧૮)** ફરીયાદપક્ષે જે મૌખિક પુરાવા રજુ કરેલ છે તેમા નીચે મુજબના સાહેદોને **ફરી ગયેલા (હોસ્ટાઇલ)** જાહેર કરવામા આવેલ છે.

**(૧૯)** ફરીયાદપક્ષે **આંક-૧૬ થી કિશનભાઈ દિનેશભાઈ ખારવા** કે જેઓ **આંક-૧૭ ના ગુનાવાળી જગ્યા**ના પંચનામાના ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

**(૨૦)** ફરીયાદપક્ષે **આંક-૧૮ થી રવિભાઇ ભગવાનદાસ ખારવા** કે જેઓ **આંક-૧૭ ના ગુનાવાળી જગ્યા**ના પંચનામાના ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં

આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૨૧) ફરીયાદપક્ષે **આંક–૧૯ થી ઉસ્માનખાન બિસ્મીલ્લાખાન પઠાણ** કે જેઓ **આંક–૨૦ ના આરોપીની શરીર સ્થિતી અને હથીયાર કબ્જે** કર્યાના પંચનામાના ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૨૨) ફરીયાદપક્ષે **આંક–૩૧ થી સાહેદ જયોતિકાબેન મનિષભાઈ ખારવા** ને તપાસવામા આવેલ છે. તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૨૩) ફરીયાદપક્ષે **આંક–૩૫ થી સાહેદ દિપક અરવિંદભાઈ ખારવા** ને તપાસવામા આવેલ છે. તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૨૪) **આમ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેતા**

**મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે તથા ફરીયાદી ને કોઇ ઈજા થયેલ નથી કે તેઓએ કોઈ સારવાર લીધેલ નથી તેવુ સ્પષ્ટ જણાવે છે આ કામના ફરીયાદી તથા તેમના કુટુંબના સભ્યો સામે આ કામના આરોપી નં.૧ ના દિકરા મેહુલકુમાર જશવંતભાઈ ખારવા નાઓએ બનાવ તા.૩૧/૦૮/૨૦૧૭ ના રોજ ૧૦:૦૦ વાગ્યે આ કામના આરોપી તથા તેમના બે ભાઈ વિરૂધ્ધ કોમન પ્લોટ તથા તેમા આવેલ વાડની સાફ સફાઈ કરતા હતા તે બાબતે ઝઘડો કરી અને હુમલો કરી વ્યથા પહોચાડી તે બાબતની ઈ.પી.કો કલમ–૩૦૭ વિગેરેની ફરીયાદ આપેલ હતી. તેમાંથી બચવા માટે દબાણ ઉભુ કરવા હાલની આ ફરીયાદ આપેલ હોય તેવુ જણાય છે અને આમ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો માનવા યોગ્ય તથા આધારભુત કે વિશ્વશનીય કહી શકાય તેવો નથી માત્ર તેઓની સામે થયેલ ઈ.પી.કો કલમ–૩૦૭ વિગેરેના ગુન્હાના ફરીયાદી તથા સાહેદો ઉપર દબાણ લાવવા માટે હાલની ફરીયાદ આપેલાનુ જણાય આવે છે અને જેથી ફરીયાદપક્ષ આક્ષેપિત ગુન્હો પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય આ કામના તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનુ વાજબી, ન્યાયી અને યોગ્ય જણાતુ હોય, જેથી મુદ્દા નં.૦૧ નો જવાબ નકારમા ઠરાવી, મુદ્દા નં.૦૨નો નીચે મુજબ હુકમ કરુ છુ.**

## ::હુકમ::

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ **૧. જશવંતભાઈ ઉર્ફે જમ્બો કાનજીભાઈ ખારવા, ૨. દર્શનભાઈ જશવંતભાઈ ખારવા,૩. મીનાબેન ઉર્ફે મીનાક્ષી જશવંતભાઈ ખારવા,** તમામ રહે. ખંભાત, માછીપુરા કૃષ્ણનગર સોસાયટી, તા. ખંભાત, જી. આણંદ નાઓને ખંભાત રૂરલ પોલીસ સ્ટેશન **ફસ્ટ ગુ.ર. નં. ૩૧૩૯ /૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪** મુજબના ગુનામાં **શંકાનો લાભ આપી નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

**૩.** મુદામાલ પાવતીમાં દર્શાવેલ તમામ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવો.

આ હુકમ આજ રોજ તારીખ–**૦૬**, માહે–**ઓગસ્ટ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(પી.એચ.શર્મા)**

તારીખ :– ૦૬/૦૮/૨૦૨૬ ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
ખંભાત. ખંભાત.

સ્ટેનો. જે.એ.સોજીત્રા **GJ-00701**